GJJN080006052026

ફોજદારી કેસ નં ૩૯૯/ ૨૦૨૬
કેશોદ ના મ્હેરબાન શ્રી એડીશ્નલ ચીફ જયુડીશ્યલ
મેજીસ્ટેટ સાહેબશ્રી ટી એમ શ્રીમાળી સાહેબની કોર્ટ માં

## -// આંક ૧ લગત હુકમ //-

(૧)... હાલના કામના આરોપી ભીખુભાઇ નાથાભાઇ ધંમણ, રહે.મેસવાણ ગામ વાળાની સામે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) હેઠળની ફરીયાદ કરવામાં આવેલ તથા તેની સામે પોલીસ દવારા ચાર્જશીટ ફાઇલ કરાવામાં આવેલ છે.

(૨)... આરોપી કોર્ટમાં હાજર થઇ, સ્વેચ્છીક કબુલાત આપવાનુ કહેતા હોય, અને આોરપીની કબુલાત સ્વીકારી, કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ હોવાનુ જાહેર કરે છે.

(૩)... આરોપી પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી જાહેર કરે છે કે તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળવા અરજ કરેલ છે. વધુમાં આ કબુલાત સ્વેચ્છીક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવ કૃત્ય નહી કરવાનુ કબુલાત પુરસીસ થી જાહેર કરે છે.

હાલના કેસમાં કોર્ટ દવારા નામદાર ગુજરાત હાઇકોર્ટ ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯, ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટરવસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઇ તથા આરોપીના સંજોગો ધ્યાને લઇ તેને સુધરવાની તક આપવી ન્યાયોચીત જણાતુ હોય જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## -// આખરી હુકમ //-

હાલના કેસના આરોપી ભીખુભાઇ નાથાભાઇ ધંમણ, રહે.મેસવાણ ગામ વાળાને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૫ હેઠળ પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) હેઠળ રૂા.૧૦૦/- (અંકે રૂપીયા સો પુરા) નો દંડનો હુકમ કરવામાં આવે છે અને આરોપી જો

દંડની રકમ ના ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

પતા/દારૂ/નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો. રોકડ/વેલ્યુએબલ મુદમાલ સરકાર ખાતે ખાલસા કરવો. વાહન / મોબાઈલનો વચગાળાનો હુકમ થયો હોય તો એ હુકમ કાયમ રાખવો અને ન થયો હોય તો માલીકીની ખરાઈ કરીને પરત આપવો તથા આરોપીના બેઈલ બોન્ડ રદદ્ ગણવા તેમજ રોકડ જામીનગીરી અથવા જામીનદારે ભરેલ પેનલ્ટી સરકાર ખાતે ખાલસા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૨ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કયો.

તા. ૧૨/૦૮/૨૦૨૬ ( તરૂણ મોહનદાસ શ્રીમાળી )

મુ. કેશોદ એડી.ચીફ જયુડી.મેજી.

કેશોદ– કોડ નં. જી જે ૧૩૦૬